# ભારતનું સંવિધાન

## Most IMP-100 Questions

By: Hari Patel

| No. | Question | Answer |
|---|---|---|
| 1 | ભારતનું સંવિધાન (બંધારણ) ઘડવાનો સૌપ્રથમ વિચાર કોને આવ્યો હતો ? | સર એમ.એન. રોય (માનવેન્દ્રનાથ રોય) |
| 2 | ભારતનું સંવિધાન કેટલા ભાગ (આર્ટિકલ્સ) માં વહેંચાયેલું છે ? | 22 ભાગ (આર્ટિકલ્સ)માં |
| 3 | ભારતના મૂળ બંધારણમાં કેટલા અનુચ્છેદો (કલમો) છે ? | 395 અનુચ્છેદો |
| 4 | ભારતના હાલના સંવિધાનમાં કેટલા અનુચ્છેદો છે ? | 446 અનુચ્છેદો |
| 5 | ભારતના સંવિધાનમાં કેટલી અનુસૂચિઓ (પરિશિષ્ટો) છે ? | 12 અનુસૂચિઓ(પરિશિષ્ટો) |
| 6 | ભારતનું બંધારણ ઘડવાની શરૂઆત ક્યારે અને કઇ યોજના હેઠળ થઇ હતી ? | જુલાઇ-1946 માં કેબિનેટ મિશન યોજના હેઠળ થઇ. |
| 7 | ભારતીય સંવિધાન સભામાં કુલ કેટલા સભ્યો હતા ? | 389 સભ્યો |
| 8 | ભારતીય સંવિધાન સભામાં અનુસૂચિત જાતિના કેટલા સભ્યો હતા ? | 30 સભ્યો |
| 9 | ભારતની સંવિધાન સભાના કાર્યકારી(અસ્થાયી) પ્રમુખ કોણ હતા ? | ડૉ. સચ્ચિદાનંદ સિંહા |
| 10 | ભારતીય સંવિધાન સભાના પ્રમુખ(ચૂંટાયેલા અધ્યક્ષ) કોણ હતા ? | ડૉ. રાજેન્દ્રપ્રસાદ |
| 11 | ભારતનું બંધારણ ઘડવા માટેની ખરડા સમિતિ (ડ્રાફ્ટિંગ સમિતિ કે મુસદ્દા સમિતિ) ના અધ્યક્ષ કોણ હતા ? | ડૉ. ભીમરાવ આંબેડકર |
| 12 | ભારતીય સંવિધાનની ખરડા સમિતિમાં કુલ કેટલા સભ્યો હતા ? | 7 (સાત) સભ્યો |
| 13 | કયા ગુજરાતી સાહિત્યકાર ભારતીય સંવિધાનની ખરડા સમિતિના સભ્ય હતા ? | કનૈયાલાલ મુનશી |
| 14 | ભારતનું બંધારણ ઘડવાની શરૂઆત ક્યારે થઇ ? | 9, ડિસેમ્બર,1946 માં થઇ |
| 15 | ભારતીય બંધારણ સભાની પ્રથમ બેઠક ક્યારે અને કોના પ્રમુખ સ્થાને મળી ? | 9, ડિસેમ્બર,1946 માં ડૉ. સચ્ચિદાનંદ સિંહાના પ્રમુખપદે |
| 16 | ભારતીય બંધારણનો સ્વીકાર ક્યારે થયો ? અથવા ભારતીય સંવિધાન સભા દ્વારા ક્યારે સંવિધાન અપનાવવામાં આવ્યું હતું ? | 26, નવેમ્બર, 1949 માં |
| 17 | ભારતીય સંવિધાનનો અમલ ક્યારે થયો ? | 26, જાન્યુઆરી, 1950 ના રોજ |
| 18 | ભારતને પ્રજાસત્તાક રાષ્ટ્ર ક્યારે જાહેર કરાયું ? | 26, જાન્યુઆરી, 1950 ના રોજ |
| 19 | ભારતનું બંધારણ ઘડવામાં (પૂરૂ કરવામાં) કેટલો સમય લાગ્યો હતો ? | 2 વર્ષ,11 માસ અને18 દિવસ |
| 20 | વિશ્વમાં સૌથી વિસ્તૃત અને લાંબુ લેખિત બંધારણ કયા દેશનું છે ? | ભારત દેશનું |
| 21 | ભારતના સંવિધાનનું આમુખ કોણે લખ્યું હતું ? | જવાહરલાલ નહેરૂ |
| 22 | આમુખ કઇ સાલથી બંધારણનો એક ભાગ બન્યું ? | ઇ.1973 થી |
| 23 | ભારતીય સંવિધાનના આમુખમાં "સમાજવાદી, ધર્મનિરપેક્ષ (બિન સાંપ્રદાયિક) એકતા અને અખંડિતતા " જેવા શબ્દો ક્યારે અને કયા સુધારાથી ઉમેરાયા ? | ઇ. 1976 માં 42 મા સુધારાથી |
| 24 | "ઇન્ડિયા અર્થાત્ ભારત રાજ્યોનો સંઘ રહેશે" આવું વિધાન ભારતીય સંવિધાનના કયા અનુચ્છેદમાં લખાયેલ છે ? | અનુચ્છેદ- 1 માં |
| 25 | ભારતના સંવિધાનમાં "નાગરિકતા" વિષયનો સમાવેશ કયા ભાગ (આર્ટિકલ્સ) માં કરવામાં આવ્યો છે ? | ભાગ - 2 |

| | | |
|---|---|---|
| 26 | ભારતીય બંધારણના ભાગ- 1 માં કયા વિષયનો સમાવેશ કરેલ છે ? | સંઘ અને તેનું રાજ્યક્ષેત્ર |
| 27 | બારતના બંધારણમાં અનુચ્છેદ 5 થી 11 કયા વિષયને લગતા છે ? | નાગરિકતા |
| 28 | ભારતના સંવિધાનના કયા ભાગ (આર્ટિકલ્સ)માં મૂળભૂત અધિકારો (હક્કો)નો સમાવેશ કરેલ છે ? | ભાગ- 3 |
| 29 | ભારતના બંધારણમાં અનુચ્છેદ 12 થી 35 કયા વિષયને લગતા છે ? | મૂળભૂત અધિકારો (હક્કો) |
| 30 | ભારતીય બંધારણના અનુચ્છેદ 14 થી 18 કયા અધિકારને લગતા છે ? | સમાનતાનો અધિકાર (હક) |
| 31 | ભારતના સંવિધાનમાં મૂળભૂત અધિકારો કેટલા છે ? અથવા ભારતીય બંધારણમાં લોકોને કુલ કેટલા અધિકારો મળેલા છે ? | મૂળભૂત અધિકારો છ (6) છે.<br>મળેલા અધિકારો સાત (7) છે. |
| 32 | ડૉ. ભીમરાવ આંબેડકરે ભારતના બંધારણના કયા હક( અધિકાર)ને "બંધારણનો આત્મા" કહ્યો છે ? | સંવિધાનના ઉપાયોનો હક (બંધારણીય ઇલાજોનો હક) |
| 33 | ભારતીય બંધારણમાં "સંવિધાનના ઉપાયોનો હક અથવા "બંધારણીય ઇલાજોના હક" નો સમાવેશ કયા અનુચ્છેદમાં કરવામાં આવ્યો છે ? | અનુચ્છેદ- 32 |
| 34 | ભારતીય સંવિધાનમાં કેટલા પ્રકારની રીટનો ઉલ્લેખ છે ? | પાંચ (5) રીટ |
| 35 | "કાયદાની નજરમાં સૌ સમાન" એવું ભારતીય સંવિધાનના કયા અનુચ્છેદમાં જણાવાયું છે ? | અનુચ્છેદ-14 |
| 36 | ભારતના બંધારણમાંથી કયા અનુચ્છેદમાં આવેલા કયા મૂળભૂત અધિકારને રદ કરવામાં આવેલ છે ? | અનુચ્છેદ-31<br>મિલ્કતનો અધિકાર |
| 37 | ભારતના સંવિધાનમાંથી મિલ્કતનો મૂળભૂત અધિકાર ક્યારે રદ કરવામાં આવ્યો ? | ઇ. 1978 ના 44 મા સુધારાથી રદ કર્યો. |
| 38 | ભારતના સંવિધાનમાંથી રદ કરેલ મિલ્કતનો મૂળભૂત અધિકાર માત્ર કયા એક રાજ્યમાં આજે પણ અમલમાં છે ? | જમ્મુ અને કાશ્મિર રાજ્યમાં |
| 39 | ભારતીય બંધારણનો અનુચ્છેદ-17 કોને લગતો છે ? | અસ્પૃશ્યતા નાબૂદી |
| 40 | "જાહેર નોકરીમાં સૌને સમાન તક" એવું ભારતીય સંવિધાનના કયા અનુચ્છેદમાં જણાવાયું છે ? | અનુચ્છેદ- 16 |
| 41 | ભારતીય બંધારણના અનુચ્છેદ-21 માં કયા અધિકારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ? | દરેક નાગરિકને જીવન જીવવાનો હક |
| 42 | ભારતીય બંધારણના કયા અનુચ્છેદ હેઠળ મનુષ્ય વેપાર અને વેઠપ્રથા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે ? | અનુચ્છેદ- 23 |
| 43 | ભારતમાં 14 વર્ષથી નીચેના બાળકોને નોકરી રાખવા અંગેનો પ્રતિબંધ (બાળમજૂરી પર પ્રતિબંધ) નો ઉલ્લેખ બંધારણના કયા અનુચ્છેદમાં કરેલ છે ? | અનુચ્છેદ- 24 |
| 44 | ભારતમાં 6 થી 14 વર્ષની વયના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર (શિક્ષણનો હક) કયા અનુચ્છેદમાં આપવામાં આવ્યો છે ? | અનુચ્છેદ- 21 (ક) |
| 45 | ભારતના બંધારણમાં ઇ.2002 માં 86 મા સુધારાથી કયો અધિકાર ઉમેરાયો છે ? | અનુચ્છેદ- 21 (ક)<br>6 થી 14 વર્ષની વયના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર |
| 46 | ભારતીય સંવિધાનમાં "રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો" નો ઉલ્લેખ કયા ભાગ (આર્ટિકલ) માં કરાયો છે ? | ભાગ- 4 |
| 47 | સમગ્ર ભારતીય પ્રદેશ માટે સમાન નાગરિક ધારો (Uniform Civil Code) ઘડવા માટે ભારતના બંધારણના કયા અનુચ્છેદમાં જણાવાયું છે ? | અનુચ્છેદ- 44 |
| 48 | 6 વર્ષથી નીચેના બાળકોની સંભાળ અને તેમને શિક્ષણ આપવાની જોગવાઇ રાજ્ય કરશે | અનુચ્છેદ- 45 |

| | | |
|---|---|---|
| | એવો ઉલ્લેખ ભારતના બંધારણના કયા અનુચ્છેદમાં કરાયો છે ? | |
| 49 | ભારતના સંવિધાનમાં ઇ. 1976 માં 42 સુધારા દ્વારા કયા અનુચ્છેદથી નાગરિકની મુળભૂત ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો છે ? | અનુચ્છેદ-51 (ક) |
| 50 | ભારતના સંવિધાનમાં નાગરિકની મુળભૂત ફરજો(કર્તવ્યો)નો સમાવેશ કયા ભાગમાં કરવામાં આવ્યો છે ? | ભાગ- 4 (ક) |
| 51 | ભારતના બાંધારણમાં કેટલી મૂળભૂત ફરજો દર્શાવેલી છે ? | 10 ફરજો |
| 52 | " માતાપિતાએ અથવા વાલીએ બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી"એવી અગિયારમી ફરજ ભારતના સંવિધાનમાં ક્યારે અને કયા સુધારાથી ઉમેરવામાં આવી ? | ઇ. 2002 માં 86 મા સુધારાથી |
| 53 | ભારતના બંધારણ મુજબ નાગરિકે કેટલી ફરજોનું પાલન કરવાનું છે ? | 11 ફરજો |
| 54 | ભારતીય સંસદમાં કોનો સમાવેશ થાય છે ? | લોકસભા, રાજ્યસભા અને રાષ્ટ્રપતિ |
| 55 | સંસદ સભ્ય (લોકસ્ભાના સભ્ય) અથવા વિધાનસભાના સભ્ય બનવા માટે ઓછામાં ઓછી કેટલી ઉંમર હોવી જોઇએ? | 25 વર્ષ |
| 56 | રાષ્ટ્રપતિ અથવા ઉપરાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ બનવા માટે ઓછામાં ઓછી કેટલી ઉંમર હોવી જોઇએ? | 35 વર્ષ |
| 57 | રાજ્યસભા અથવા વિધાન પરિષદના સભ્ય બનવા માટે ઓછામાં ઓછી કેટલી ઉંમર હોવી જોઇએ? | 30 વર્ષ |
| 58 | વડાપ્રધાન અથવા મુખ્યમંત્રી બનવા માટે ઓછામાં ઓછી કેટલી ઉંમર હોવી જોઇએ? | 25 વર્ષ |
| 59 | રાષ્ટ્રપતિનો હોદ્દો ભારતીય બંધારણના કયા અનુચ્છેદને આધારે છે ? | અનુચ્છેદ-52 |
| 60 | ભારતના બંધારણના કયા અનુચ્છેદ હેઠળ ભારતના રાષ્ટ્રપતિ સામે મહાભિયોગની કાર્યવાહી કરી દૂર કરી શકાય છે ? | અનુચ્છેદ-61 |
| 61 | ઉપરાષ્ટ્રપતિનો હોદ્દો ભારતીય બંધારણના કયા અનુચ્છેદને આધારે છે ? | અનુચ્છેદ- 63 |
| 62 | ભારતીય બંધારણની કઇ કલમ (અનુચ્છેદ) હેઠળ ભારતના એટર્ની જનરલની નિમણૂંક થાય છે ? | કલમ (અનુચ્છેદ)-76 |
| 63 | ભારતના બંધારણીય વડા કોણ છે ? અથવા ભારતીય સૈન્ય અથવા સંરક્ષણ દળોની ત્રણે ય પાંખના સર્વોપરિ (વડા) કોણ છે ? | રાષ્ટ્રપતિ |
| 64 | રાજ્યના બંધારણીય વડા કોણ છે ? | રાજ્યપાલ |
| 65 | રાજ્યપાલનો હોદ્દો ભારતીય બંધારણના કયા અનુચ્છેદને આધારે છે ? | અનુચ્છેદ- 153 |
| 66 | રાજ્યસભાના સાંસદ અથવા વિધાન પરિષદના સભ્યની મુદત (કાર્યકાલ) કેટલી હોય છે ? | 6 (છ) વર્ષ |
| 67 | લોકસભાના સાંસદ અથવા વિધાનસભાના સભ્યની મુદત (કાર્યકાલ) કેટલી હોય છે ? | 5 (પાંચ) વર્ષ |
| 68 | રાષ્ટ્રપતિને તેમના હોદ્દાના શપથ કોણ લેવડાવે છે ? | સર્વોચ્ચ અદાલત (સુપ્રિમ કોર્ટ) ના મુખ્ય ન્યાયધિશ |
| 69 | રાજ્યપાલને તેમના હોદ્દાના શપથ કોણ લેવડાવે છે ? | રાજ્યની વડી અદાલત (હાઇકોર્ટ)ના મુખ્ય ન્યાયાધિશ |
| 70 | રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ગેરહાજરીમાં રાષ્ટ્રપતિ તરીકેની ફરજો કોણ નિભાવે છે ? | સુપ્રિમા કોર્ટના ચીફ જસ્ટીસ (સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધિશ) |
| 71 | રાજ્યસભાના અધ્યક્ષ કોણ હોય છે ? | ઉપરાષ્ટ્રપતિ |
| 72 | આપણા દેશમાં વડી અદાલત (સુપ્રિમ કોર્ટ)ના ન્યાયમૂર્તિઓને કોણ નીમે છે ? | રાષ્ટ્રપતિ |
| 73 | રાજ્યપાલને તેમના હોદ્દા પરથી હટાવવાની સત્તા કોની પાસે છે ? | રાષ્ટ્રપતિ પાસે |

| | | |
|---|---|---|
| 74 | સુપ્રિમ કોર્ટ(સર્વોચ્ચ અદાલત)ના ન્યાયાધિશ નિવૃત્તિ મર્યાદા કેટલી છે ? | 65 વર્ષ |
| 75 | ભારતીય બંધારણના કયા અનુચ્છેદ મુજબ ચૂટણીપંચની રચના કરવામાં આવેલ છે ? | અનુચ્છેદ- 324 |
| 76 | ચૂટણીપંચના અધ્યક્ષની નિમણૂંક કોણ કરે છે ? | રાષ્ટ્રપતિ |
| 77 | ગ્રામસભા ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત છે ? | અનુચ્છેદ- 243 (ક) |
| 78 | રાજ્યસભા કોઇપણ નાણાંકીય ખરડાને કેટલા દિવસ સુધી રોકી શકે છે ? અથવા લોકસભાએ પસાર કરેલો નાણાંકીય ખરડો રાજ્યસભા કેટલા દિવસ સુધી રોકી શકે ? | 14 દિવસ સુધી |
| 79 | રાજ્યસભામાં રાષ્ટ્રપતિ દ્વારા કેટલા સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે ? | 12 સભ્યોની |
| 80 | ભારતીય સંવિધાનના કયા અનુચ્છેદ અંતર્ગત ભારતીય નાગરિકોને પુખ્ત મતાધિકાર મળેલ છે ? | અનુચ્છેદ- 326 |
| 81 | ભારતીય નાગરિકને મત આપવાનો અધિકાર એ બારતીય બંધારણ મુજબ કેવો અધિકાર ગણાય છે ? | રાજકીય અધિકાર |
| 82 | રાષ્ટ્રપતિએ જાહેર કરેલ વટહુકમ સંસદ શરૂ થયા બાદ કેટલા અમયમાં મંજૂર થવો જરૂરી છે ? | 6 (છ) અઠવાડિયામાં |
| 83 | સંસદમાં નાણાંકીય ખરડો મૂકવા માટે કોની પૂર્વમંજૂરી જરૂરી છે ? | રાષ્ટ્રપતિની |
| 84 | નગરપાલિકાઓનો ઉલ્લેખ ભારતીય બંધારણના કયા ભાગ (આર્ટિકલ) માં કરવામાં આવેલ છે ? | ભાગ (આર્ટિકલ)- 9 (ક) |
| 85 | ભારતીય બંધારણના કયા અનુચ્છેદ(કલમ) મુજબ નાણાં પંચ (નાણાં આયોગ)ની રચના કરવામાં આવેલ છે ? | અનુચ્છેદ- 280 |
| 86 | લોકસભામાં એન્ગ્લો ઇન્ડિયન કોમના ઓછામાં ઓછા કેટલા સભ્યો હોવા જોઇએ ? | 2 (બે) સભ્યો |
| 87 | રાજ્યની વિધાનભાઓમાં એન્ગ્લો ઇન્ડિયન કોમના ઓછામાં ઓછા કેટલા સભ્યો હોવા જોઇએ ? | 1 (એક) સભ્ય |
| 88 | રાષ્ટ્રપતિને લોકસભામાં વધુમાં વધુ કેટલા એન્ગ્લો ઇન્ડિયન કોમના સભ્યોની નિમણૂંક કરવાનો અધિકાર આપેલો છે ? | 2 (બે) સભ્યો |
| 89 | રાજ્યપાલને વિધાનસભામાં વધુમાં વધુ કેટલા એન્ગ્લો ઇન્ડિયન કોમના સભ્યોની નિમણૂંક કરવાનો અધિકાર આપેલો છે ? | 1 (એક) સભ્ય |
| 90 | ભારતીય સંવિધાનમાં કુલ કેટલી કટોકટીનો ઉલ્લેખ છે ? | 3 (ત્રણ) |
| 91 | ભારતીય બંધારણના કયા અનુચ્છેદ (કલમ) હેઠળ રાષ્ટ્રપતિ દેશમાં કટોકટી લાદી શકે ? | અનુચ્છેદ (કલમ)- 352 |
| 92 | કોઇપણ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન ભારતીય બંધારણની કઇ કલમ (અનુચ્છેદ) મુજબ લાગુ પડે છે ? અથવા ભારતીય બંધારણના કયા અનુચ્છેદનો ઉપયોગ રાજ્યો પર રાષ્ટ્રપતિ શાસન લાદવા માટે થાય છે ? | કલમ (અનુચ્છેદ)-356 |
| 93 | કટોકટી વખતે કઇ કલમ (અનુચ્છેદ) હેઠળ મૂળભૂત અધિકાર મોકૂફ રાખી શકાય છે ? | કલમ (અનુચ્છેદ)- 359 (ક) |
| 94 | દેશમાં રાષ્ટ્રપતિ દ્વારા નાણાંકીય કટોકટી બંધારણની કઇ કલમ (અનુચ્છેદ) હેઠળ લાદી શકાય ? | કલમ (અનુચ્છેદ)- 360 |
| 95 | ભારતીય સંવિધાનના કયા આર્ટિકલમાં કટોકટીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ? | ભાગ (આર્ટિકલ)- 18 |
| 96 | કઇ કલમ (અનુચ્છેદ)ને આધિન જમ્મુ અને કાશ્મિરમાં નાણાંકીય કટોકટી લાદી શકાતી નથી ? | કલમ (અનુચ્છેદ)- 360 |
| 97 | ભારતના કયા રાજ્યમાં નાણાંકીય કટોકટી લાદી શકાતી નથી ? | જમ્મુ અને કાશ્મિર રાજ્યમાં |
| 98 | ભારતના બંધારણના કયા અનુચ્છેદ હેઠળ જમ્મુ અને કાશ્મિર રાજ્યને વિશિષ્ટ દરજ્જો | અનુચ્છેદ- 370 |

| | | |
|---|---|---|
| | આપવામાં આવ્યો છે ? | |
| 99 | ભારતીય સંવિધાનમાં કેટલી માન્ય ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે ? | 22 માન્ય ભાષાઓ |
| 100 | ભારતીય બંધારણમાં સુધારો કરવાની જોગવાઇ કયા અનુચ્છેદ અંતર્ગત કરવામાં આવેલ છે ? | અનુચ્છેદ-368 |

નોંધ- આ પ્રશ્નોત્તર ખૂબજ ચીવટ રાખી તૈયાર કરેલ છે.તેમ છતાં કોઇ ક્ષતિ રહી ગઇ હોય તો મારું ધ્યાન અવશ્ય દોરશો. જેથી તેને સુધારી શકાય.આ પ્રશ્નોત્તર વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપનાર પરીક્ષાર્થીઓને ખૂબ જ ઉપયોગી થાય તે હેતુથી તૈયાર કરેલ છે.આ વિશે આપના અભિપ્રાયો અને સૂચનો અવશ્ય લખી મોકલશો.બ્લોગ પર સંદેશા ફોર્મ આપેલ છે.જેમાં આપનું નામ, આપનું ઇમેલ આઇડી અને સંદેશામાં આપનો અભિપ્રાય અથવા સૂચન લખી મોકલશો.આભાર.આપનો શુભેચ્છક: —હરિ પટેલ